4524-57

ક્રમાંક : ઉમશ/ઉમા-૨/ ૨૦૧૮-૧૯/
કમિશનર, શાળાઓની કચેરી,
બ્લોક નં ૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તારીખ: /૯/૨૦૧૯.

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ.

વિષય:- નોન ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સ્ટાફ પ્રોફાઇલ અને ટાટ પરીક્ષા પાસ હોય તેવા શિક્ષકોની સેવાઓ વિનિયમિત કરવા બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગનો તા.૧૩/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંક: ઉમશ/૧૧૧૮/૧૮૬૬/ગ.૧.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ દર્શિત પત્રથી નોન ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સ્ટાફ પ્રોફાઇલ ધરાવતા શિક્ષકોની સેવાઓને વિનિયમિત કરવા અંગેની વિચારણા કરવા સંદર્ભે નીચે મુજબની વિગતો નાણાકીય ભારણ સાથે આપની કક્ષાએથી યોગ્ય ચકાસણી કરી, આપની કચેરીના સ્પષ્ટ અભિપ્રાય સહિત મોકલી આપવા જણાવવામાં આવે છે.

(૧) તા.૨૪/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: ઉમશ/૧૧૧૫/૧૩૩/ગ.૧ (પાર્ટ ફાઇલ)થી નક્કી કરેલ માપદંડ સંતોષતા હોવા છતાં કોઈ કારણસર બાકી રહી જવા પામેલ ઉમેદવારોની વિગતો.

(૨) જાવક નંબર સાથે સ્ટાફ પ્રોફાઇલ મંજુર થયેલ હોય અને સક્ષમ અધિકારીએ મંજુર કરેલ હોય તેની સંપૂર્ણ ચકાસણી કરીને તેવા કિસ્સાઓની યાદી.

(૩) સક્ષમ અધિકારીએ સ્ટાફ પ્રોફાઇલ મંજુર કરી હોય પરંતુ કોઈ કારણસર જાવક નંબરથી મોકલાયેલ ન હોય પરંતુ બીજા સાંયોગિક પુરાવા મળતા હોય તેવા કિસ્સાઓની યાદી.

(૪) તા.૨૪/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: ઉમશ/૧૧૧૫/૧૩૩/ગ.૧ (પાર્ટ ફાઇલ)થી નક્કી કરેલ માપદંડ ધરાવતા હોય અને તા.૨૪/૧૦/૨૦૧૭ સુધી જે શાળામાં નિમણૂંક કરવામાં આવેલ હોય તે જ શાળામાં પ્રવાસી શિક્ષક તરીકે સેવાઓ ચાલુ હોય તેવા કિસ્સાઓની યાદી.

---

જા.નં./માઉમા/સ્ટાફ પ્રો./૨૦૧૯/૪૩૬૬૫-૭૦૪
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
પંચમહાલ-ગોધરા
તા.૨૦/૦૯/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી
નોન ગ્રાન્ટેડ ઉમા શાળાઓ તમામ
જિ.પંચમહાલ

વિષય:<u>નોન ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સ્ટાફ પ્રોફાઈલ અને ટાટ પરીક્ષા પાસ હોય તેવા શિક્ષકોની સેવાઓ વિનિયમિત કરવા બાબત</u>

જિલ્લા શિક્ષણાધિકારી
પંચમહાલ-ગોધરા

નકલ રવાના : શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી તમામ સદર કચેરી જાણ કરવા અર્થે

નોંધ : ઉપરોક્ત માહિતી દિન-૦૫ માં અત્રેની કચેરીએ રૂબરૂમાં જાણકાર કર્મચારી સાથે મોકલી આપવી.

Scanned by CamScanner

સુચનાઓ પત્રક–૧ અને પત્રક–૨ માટે :–

૧) તમામ જિ.શિ.અધિ.શ્રીએ પૂરતી જાત ચકાસણી કર્યા બાદ જ વિગતો આપવી.

૨) પત્રકમાં સમાવિષ્ટ ન હોય તેવી કોઈ પણ બાબતે રિમાર્કસ અવશ્ય આપવા.

૩) નિમણૂંક તારીખથી નિમણૂક આપનાર શાળામાંજ ફરજ બજાવતાં (આજ દિન સુધી) શિક્ષકોનીજ માહિતી આપવાની છે.

૪) ૨૪/૧૦/૧૭ના ઠરાવની તમામ શરતો પૂર્ણ કરનાર શિક્ષકની જ માહિતી મોકલવાની છે, કોઈ એક પણ શરત ન સંતોષાતી હોય તેવા એક પણ શિક્ષકની માહિતી આપવાની નથી.
૨૪/૧૦/૧૭ના ઠરાવની શરતો–(A) શાળા સળંગ એકમમાં મંજૂર થયેલી હોવી જોઈએ (B) ઉ.મા. TAT પરિક્ષા પાસ (C) સ્ટાફ પ્રોફાઈલ ધરાવતા (D) નિમણૂંક વાળી શાળામાં સળંગ નોકરી

૫) માહિતીનું એક પણ કોલમ ખાલી છોડવાનું નથી, જેની માહિતી "ના" સ્વરૂપની હોય તેમાં કારણ અવશ્ય લખવું.

૬) પત્રક–૨ની માહિતી વિશેષ ચકાસણી માંગી લેતી માહિતી છે તેથી સઘન ચકાસણી અને પુરતાં પુરાવા જોઈ લીધાં /-ચકાસી લીધા બાદ જ માહિતી મોકલવી.

૭) અત્રેની કચેરીની કમિટી દ્વારા આપના મારફત આવેલી અરજીઓની રેન્ડમલી સ્થળ તપાસ કરવામાં આવશે.

## પત્રક –૧

| ક્રમ | જિલ્લો | ઉમેદવારનું નામ | શાળાનુ નામ | સળંગ એકમ અંતર્ગત શાળાને મંજુરી મળ્યાનુ વર્ષ અને હુકમ નં અને તારીખ | ઉ.મા.ટાટ પરીક્ષા પાસ કર્યાનુ વર્ષ | મંજુર કરેલ સ્ટાફ પ્રોફાઇલની વિગત | | નિમણૂક તારીખ થી 24–10–17 સુંધી નિમણૂક વાળી શાળામાં જ સળંગ નોકરી ધરાવે છે | | | | | 24/10/ 17ના ઠરાવમાં નામ ન આવવાનું કારણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | સરકારશ્રીની કોઈ સૂચના અન્વયે છુટ્ટા થયેલ હોય પરંતુ રાજીનામું ન આપ્યું હોય તેવા શિક્ષકોની વિગત | | | | |
| | | | | | | જાવક નંબર સાથે | તારીખ | નિયમિત શિક્ષક તરીકે(ક્યારથી ક્યાં સુંધી) | પ્રવાસી શિક્ષક તરીકે(ક્યારથી ક્યાં સુંધી) | છુટ્ટા કર્યાની તારીખ | સરકારી સૂચનાની તારીખ અને નંબર | અત્યારે હાલ ક્યાં ફરજ બજાવે છે ? | |
| (1) | (2) | (3) | (4) | (5) | (6) | (7) | (8) | (9) | (10) | (11) | (12) | (13) | (14) |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |

Scanned by CamScanner

પત્રક - ૨

## સ્ટાફ પ્રોફાઇલ મંજુર હોય પરંતુ જાવક નંબર ન હોય તેવા કિસ્સામાં નિયમાનુસાર ભરતી અંગેના બીજા સાંયોગિક પુરાવા ધરાવતા શિક્ષકોની વિગત.

| ક્રમ | જિલ્લો | ઉમેદવારનું નામ | શાળાનુ નામ | જાવક નં વગરની સ્ટાફ પ્રોફાઇલ મંજુર કરનાર અધિકારીનુ નામ અને મંજુર કર્યા તારીખ | અન્ય સાંયોગિક પુરાવા | | | | | | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | જાહેરાતની વિગત | | | ભરતી સમિતિની રચના થયેલ હતી? હા/ના | બેંક દ્વારા પગાર થાય છે?હા/ના | અન્ય પુરાવા (વિગત આપવી) | |
| | | | | | ન્યુઝ પેપરનુ નામ/તારીખ | જાહેરાતમાં દર્શાવેલ વિષય | શિક્ષકનો વિષય | | | | |
| (1) | (2) | (3) | (4) | (5) | (6) | (7) | (8) | (9) | (10) | (11) | (12) |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |

## પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે , ઉપરોક્ત માહિતીની ચકાસણી જે તે શાળાના તથા સદર કચેરીના રેકર્ડ સાથે અમોએ જાતે કરી છે. અને તે સાચી જણાયેલ છે. બાદમાં જો આ માહિતી ખોટી પુરવાર થાય તો તેની અંગત જવાબદારી અમારી રહેશે. અમારી જાત ચકાસણીમાં ઉપરોક્ત માહિતી ખરી જણાયેલ હોવા સબબ અમોએ આ પ્રમાણપત્ર આપેલ છે.

સ્થળ:-

(જિ.શિ.અધિશ્રીનું નામ)

તારીખ:-

સહી/સિક્કો

Scanned by CamScanner